# સરખેજ-ગાંધીનગર-ચિલોડા ધોરીમાર્ગને સિક્સલેન કરવા શિલાન્યાસ

### આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના અંતે ટ્રાફિકજામની સમસ્યા હલ થશે : ફ્લાય ઓવર અને રેલવેબ્રિજથી ફાટકમુક્ત ગુજરાતના કન્સેપ્ટને વેગ મળશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૪




સરખેજ-ગાંધીનગર-ચિલોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગને રૂ. ૮૪૭ કરોડના ખર્ચે છ માર્ગીય કરવાના કામનો આજે મુખ્યમંત્રીએ શિલાન્યાસ કર્યો હતો. ૪૪.૨ કી.મી.ની લંબાઈ ધરાવતા આ માર્ગમાં ૭ ફ્લાય ઓવરનું નિર્માણ કરાશે. અમદાવાદ-ગાંધીનગર લિંક સીટી તરીકે જોડાયેલું છે ત્યારે આ માર્ગને ટોલટેક્ષ ફ્રી કરવામાં આવશે જેના બદલામાં રાજ્ય સરકાર ટોલની આવક મેળવી રકમ ચુકવશે. આ માર્ગના નિર્માણકાર્યના અંતે ટ્રાફિકની સમસ્યા હલ થવાની સાથે આમ નાગરિકોને સરળ, સુવિધાયુક્ત અને સલામત રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચેનું અંતર પણ ઝડપથી કાપી શકાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં માર્ગોને વિકાસની ધોરી નસ ગણવતાં કહ્યું કે, શરીરમાં જેમ ધોરી નસ લોહીનું ભ્રમણ સરળતાએ કરાવે છે તેમ રાજ્યના હાઈવે-માર્ગો વિકાસની ધોરી નસ બને તેવી આપણી નેમ છે.

મુખ્યમંત્રીએ રાજ્યના માર્ગ-મકાન વિભાગ અને કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન રાજમાર્ગ મંત્રાલય દ્વારા નિર્માણ થનારા સરખેજ-ગાંધીનગર-ચિલોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૪૭ના રૂ. ૮૪૭ કરોડના ખર્ચે છ માર્ગીયકરણના કામનો શિલાન્યાસ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદીપસિંહ જાડેજા અને ગણમાન્ય મહાનુભાવો આ અવસરમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતે ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોના સમયમાં જે અન્યાયો અને વિકાસ વિરોધી માનસિકતાનો સામનો કર્યો તેનું બમણા વિકાસ કામોથી કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકાર સાટું વાળી રહી છે.

તેમણે ગુજરાતમાં સર્વગ્રાહી વિકાસના આયામોમાં ''જ્યાં માનવી ત્યાં સુવિધા'' અને ''વિવાદ નહિ, સંવાદ''ના મંત્ર સાથે આ સરકાર લઘુત્તમ સંશાધનોના ગુરૂત્તમ વિનિયોગથી ગુજરાતને અવ્વલ રાજ્ય બનાવવા સંકલ્પબધ્ધ છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. આ છ માર્ગીકરણનો મહત્વાકાંક્ષી પ્રકલ્પ પૂર્ણ થતાં ટ્રાફિક જામની સમસ્યા નહિ રહે તથા ફલાય ઓવર અને રેલ્વે ઓવરબ્રીજ બનતાં ગુજરાત ફાટક મુકત ગુજરાત બનશે તેવો નિર્ધાર પણ તેમણે દર્શાવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે આજ રીતે ઓખા બેટ ખાતે ભારત સરકાર



દ્વારા સિગ્નેચર બ્રીજ રૂ. ૯૬૨ કરોડના ખર્ચે બનવાનો છે. સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાત-દક્ષિણ ગુજરાતને જોડતા અમદાવાદ-બામણબોર-રાજકોટ ધોરીમાર્ગના છ માર્ગીકરણનું કામ રૂા. ૨૭૦૦ કરોડના ખર્ચે રાજ્ય સરકારે ઉપાડયું છે. આમ સમગ્રતયા રાજકોટથી સરખેજ અને સરખેજથી ગાંધીનગર ચિલોડા સુધીનો માર્ગ છ માર્ગીય બની જશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમદાવાદ-ગાંધીનગર લિંક સીટી તરીકે જોડાયેલું છે ત્યારે આ નૂતન માર્ગ ઉપર ટોલ ટેક્ષ ન લેવામાં આવે તેવી રાજ્ય સરકારની વિનંતીને માન્ય રાખીને ટોલ ટેક્ષ ફ્રી રોડની મંજૂરી આપી છે. આના બદલામાં રાજ્ય સરકાર ટોલની આવક જેટલી રકમ ચૂકવશે એમ તેમણે ઉમેર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રૂા. ૮૬૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ માર્ગની લંબાઈ ૪૪.૦૪૨ કિ.મી. હશે જેમાં ચિલોડાથી વૈષ્ણોદેવી મંદિર સુધી હયાત ૪ લેન માર્ગનું છ માર્ગીકરણ કરી સંપૂર્ણ હાઈવેનું છ માર્ગીકરણ તથા બન્ને બાજુ ૭ મિટર પહોળો સર્વિસ રોડ હશે. ૭ ફલાય ઓવર, ૧ એલિવેટેડ કોરિડોર, ૧ વેહિકયુલર અન્ડર પાસ, ૨ રેલ્વે ઓવરબ્રિજ, ૨ પેડેસ્ટ્રીયન અન્ડરપાસ વગેરેનો સમાવેશ થાય છે.

માર્ગ અને મકાન વિભાગના સચિવ એસ. બી. વસાવાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આ માર્ગ ટોલ ફ્રી રહેશે. આ માર્ગ રાજયની વિકાસ કૂચની વધુ વેગવાન બનાવશે એમ તેમણે ઉમેર્યુ હતું. માર્ગ-મકાનના મુખ્ય ઈજનેર અને અધિક સચિવ પટેલિયાએ આભાર વિધિ કરી હતી.

# ભોંયણ રાઠોડ ગામની ૪૬ વર્ષીય મહિલા સ્વાઈન ફલુમાં સપડાઈ

### જિલ્લામાં દર્દીઓની સંખ્યા ૧૭ પર પહોંચી : દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામેથી આજે એક સ્વાઈન ફલુનો કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૭ પર પહોંચવા પામી છે.

ભોંયણ રાઠોડ ગામની ૪૬ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને બે દિવસ પહેલાં ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવી હતી. આજે પરીક્ષણ દરમ્યાન આ મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેણીનીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર યથાવત રહેતાં આરોગ્યતંત્ર સતત દોડધામ કરી રહેલ છે. આજે મહિલા દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે કોઈ વધુ શંકાસ્પદ કેસ મળ્યો નહિ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સિવિલમાં હાલ બે દર્દીઓ જ સારવાર હેઠળ છે. બે દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા પણ સ્વાઈન ફલુમાં સમયસરની સારવાર વધુ મહત્વની હોઈ તેના લક્ષણોની સમજૂતી આપી લોક જાગૃતિનું અભિયાન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં સ્વાઈન ફલુના નોંધાયેલા ૧૭ કેસ પૈકી ૩ દર્દીના મોત નીપજ્યા છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને જિલ્લામાં સ્વાઈન ફલુને નાથવા માટેની રણનીતિ તૈયાર કરી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.





### ચિલોડામાં ગામવાસીઓ દ્વારા શ્રીજીને ધામધૂમપૂર્વક વિદાય

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામે ગણેશોત્સવ નિમિત્તે દસ દિવસ સુધી ગણેશજીની અંતિમ પૂજા-અર્ચના કર્યા બાદ ડીજેના તાલે વાજતે ગાજતે વિસર્જન કાર્યક્રમો દ્વારા ગામ ગણેશમય બન્યું હતું. ચિલોડા ખાતે ઈન્દિરાનગર સોસાયટી, ઉમિયાનગર સોસાયટી, ચિલોડા મુખ્ય બજાર, ટીંબાવાળો વાસ, રામજી મંદિરની પાસે, જનકપુરી સોસાયટી વગેરે સ્થળોએ ગણેશજીની પ્રતિમા સ્થાપના બાદ પૂજા-અર્ચના મહાઆરતી, લાડુનો પ્રસાદ દ્વારા ગણેશભક્તોએ ખૂબ ઉલ્લાસપૂર્વક ગણેશોત્સવ ઉજવ્યો હતો. ભાદરવા સુદ ચૌદશના છેલ્લા દિવસે અંતિમ પૂજા અને વિસર્જન કાર્યક્રમમાં ભવ્ય શોભાયાત્રા દ્વારા ભાવિકોએ શ્રીજીને કેદારેશ્વર અને બાસન વાત્રક નદી તથા સાબરમતી નદીના પટમાં શ્રીજીનું વિસર્જન કરી જલવિદાય અપાઈ હતી. ચિલોડા ખાતે મુખ્ય બજાર ગણપતિની પ્રતિમાના વિસર્જન કાર્યક્રમમાં ભાવિક યુવાનો કેશરી રંગની ટી-શર્ટ અને માથે ટોપી ધારણ કરી ગણપતિ બાપા મોરીયા અગલે બરસ તુ જલદી આ ના નારાથી ગામ ભક્તિના માહોલમાં ગુંજી ઉઠ્યુ હતું.

## આજે જિલ્લા નવરાત્રી રાસ - ગરબા સ્પર્ધા

ગાંધીનગર જિલ્લા નવરાત્રી રાસ - ગરબા સ્પર્ધા તા. ૨૫-૯-૨૦૧૮ને મંગળવારે બપોરે ૨ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

જિલ્લા રાસ ગરબા સ્પર્ધામાં કુલ ૮ સ્પર્ધક ટીમો ભાગ લઈ રહી છે. જેમાં પ્રાચીન, અર્વાચીન ગરબા અને રાસમાં પ્રથમ વિજેતા રાજ્યકક્ષાએ ભાગ લઈ શકશે.



ગાંધીનગર ભાજપના મહિલા મોરચાની એક બેઠક તાજેતરમાં મોર્ચાના ઉપાધ્યક્ષ શિલ્પાબેન દેસાઈના નિવાસસ્થાને સેકટર-૮માં યોજાઈ હતી. આ બેઠકમાં મોર્ચાના શહેર સંગઠન પ્રમુખ મણીબેન દેસાઈ, મહામંત્રીઓ ભાવનાબેન પાઠક અને અનિતાબેન પટેલ, સંકલનકર્તા ભારતીબેન શુકલ, વોર્ડ પ્રમુખ દિપ્તીબેન રાઠોડ, વોર્ડ મહામંત્રી સીતાબેન પરમાર સહિત સાધનાબેન પટેલ, ભાવનાબેન બ્રહ્મભટ્ટ, પ્રભાબેન ધ્રુવ, પીનાબેન ગરાસીયા, રેખાબેન રાવલ, ભાર્ગવીબેન શર્મા ઉપરાંત વોર્ડની અન્ય મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રેતી-કાંકરીની ગ્રાન્ટ પેટે જિલ્લાને ૮.૫૦ કરોડથી વધુ ગ્રાન્ટ ફળવાઈ

### ૫૦ ટકા રકમ નદી કિનારાના ગામોને ફળવાશે જ્યારે ૫૦ ટકા રકમ વિકાસના અન્ય કામો માટે ફળવાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રેતી-કાંકરીની ગ્રાન્ટ રૂ. ૮.૫૦ કરોડથી વધુ મળવા પાત્ર છે. આ ગ્રાન્ટ ફાળવણીના હુકમો પણ રાજ્ય સરકાર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રૂ. ૪.૪૨ કરોડની ગ્રાન્ટ નદી કિનારાના ગામોને ફાળવવામાં આવી છે. જ્યારે આટલી જ રકમ જિલ્લા પંચાયત હસ્તક મુકવામાં આવી છે.

જિલ્લામાં ૪૦ ગામો નદીના કિનારે આવેલા છે અને આ ગામોને પણ ૨૦૧૧ની વસ્તી-ગણતરીના પરિણામોને ધ્યાને લઈ ગ્રાન્ટ ફાળવવાની કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગામોને રૂ. ૬ હજારથી ૬૦ લાખ સુધીની રકમ સીધી ફાળવવામાં આવશે.

આ ગામો દ્વારા નદી કિનારા પર સંરક્ષણ દિવાલ સહિતના વિવિધ કામો હાથ ધરી શકશે. આ ગામોએ સરકાર દ્વારા સૂચવવામાં આવેલ વિકાસ કામો જ હાથ ધરવાના રહેશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો માટે હવે પછી મળનારી સામાન્ય સભામાં નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે. દરેક સભ્યોને સરખે હિસ્સે રકમની ફાળવણી કરી અને વિકાસ કામો હાથ ધરવાની પ્રક્રિયા સામાન્ય સભા બાદ જ હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટને લઈ અગાઉ વિવાદો થયેલા હોવાથી હાલ કોઈ જ પદાધિકારીઓ ઉતાવળમાં નથી પરંતુ સામાન્ય સભા ઝડપથી બોલાવવા માટેનું દબાણ પ્રમુખ પર ઉભુ કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

# ચિલોડા પંથકમાં પાછોતર વરસાદથી સુકાતા ખેતી પાકોને જીવતદાનથી ખેડૂતોમાં રાહત

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચાલુ સાલે મેઘરાજાના રિસામણાં બાદ લાંબા સમયની રાહ વરસાદને લીધે આકાશી ગરમી અને જમીનની ગરમીથી ઉભા પાકો મુંઝાતા ખેડૂતોમાં ભારે ચિંતાના વાદળો સર્જાયા હતા. અમુક પાકોમાં ધામધૂમથી શ્રદ્ધાળુ લોકો ઉજવવા તલ્લીન બન્યા છે. ત્યારે ભાદરવી વરસાદી માહોલ બનતાં ખેડૂતોના હૈયે સુકાતો મોલને જીવતદાન મળતાં



જોવડાવ્યા બાદ ઓતરા ચીતરાનો તાપ અને અનિયમિત, અપૂરતા વરસાદને લીધે ધરતીપુત્રોના માથે ભારે આફતના વાદળો છવાયા હતા. ખરીફ પાકો જેવા કે મુખ્યત્વે કપાસ, મગફળી, ડાંગર, કઠોળ, જુવાર, શાકભાજીનું વાવેતર સારા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. ઓછા વરસાદને લીધે સિંચાઈ દ્વારા પાકોને બચાવવા ખેડૂતો પ્રયત્નશીલ બન્યા હતા. છતાંય નહીંવત સિઝનેબલ રોગચાળાના ભરડાથી જંતુનાશક દવાનો છંટકાવ દ્વારા પાકને બચાવવા તનતોડ મહેનત કરી હતી. જ્યારે હાલમાં શાકભાજીના ગગડતા ભાવોથી ખેડૂતોની કફોડી હાલત થવા પામી છે. ત્યારે ભાદરવો માસના મધ્યે હાલમાં ધાર્મિક પ્રસંગો જેવા કે જગત જનની જગદંબા અંબાજી લોકમેળો, ગણેશોત્સવ, દશામાનું વ્રત, જૈન પર્યુષણ શ્રદ્ધાના તહેવારો ઘણી મોટી રાહતનો દમ ખેંચી રહ્યા છે. ત્યારે વધુ વરસાદ વરસે તો મોંમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જાય તેની ચિંતા સતાવી રહી છે. આમ ડાંગરનો ઉભો પાક વરસાદી માહોલ અને પવન ફૂંકાતા જમીનદોસ્ત થતાં ઉત્પાદન પર અસર થશે તેવુ ખેડૂતોનું માનવું છે. આમ છતાં ઘાસચારા અને જમીનમાં ભેજનું પ્રમાણ જળવાતાં પાણીના પ્રશ્નમાં રાહત ફાયદારૂપે સાબિત થશે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા, હવે ખબર પડી તમે આરતી બાદ... ભજનને બદલે ફિલ્મી ગીત કેમ વગાડો છો...

# ગાંધીનગરની વિજ્ઞાન કોલેજના ડૉ. ઉમેશ તરપદાને રાજ્યના બેસ્ટ એનએસએસ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદાને આજે રાજ્યના બેસ્ટ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર તરીકે ઓવોર્ડ આપી સન્માનવામાં આવ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં યોજાયેલા સમારંભમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ડૉ. તરપદાને સમગ્ર વર્ષ દરમ્યાન તેમણે કરેલ એનએસએસની પ્રવૃત્તિઓના શ્રેષ્ઠ આયોજન માટે એવોર્ડ સાથે શાલ ઓઢાડી, પ્રમાણપત્ર તથા રૂ. ૫ હજારનો પુરસ્કાર આપી સન્માન્યાં હતાં.

આજે રાષ્ટ્રીય સેવા યોજના દિવસ નિમિત્તે આયોજિત સમારંભમાં રાજ્યભરના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર્સ, કો-ઓર્ડિનેટર્સ તથા સ્વયંસેવકોની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ કામગીરી કરનારને સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના બેસ્ટ




પ્રોગ્રામ ઓફિસરનો વર્ષ ૨૦૧૭-૧૮નો ખિતાબ ગાંધીનગરની સેક્ટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ પી. તરપદાને ફાળે ગયો હતો. બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ ડૉ. તરપદાને મળતા સમગ્ર કોલેજ સંકુલમાં આનંદની લહેર પ્રસરી જવા પામી હતી. ડૉ. તરપદાને સરકારી વિજ્ઞાન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાપા સહિત સમગ્ર કર્મચારીગણ તથા એનએસએસના સ્વયંસેવકોએ અભિનંદન પાઠવ્યા હતા.

### ડો. તરપદાની એનએસએસ કામગીરીની ઝલક

બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ જીતનાર ડૉ. ઉમેશ તરપદાએ છેલ્લાં ત્રણ વર્ષમાં એનએસએસ યુનિટ થકી ૨૭૫ વૃક્ષારોપણ, ૪ રક્તદાન શિબિરમાં ૧૫૩ યુનિટ રક્ત, ૨ હેલ્થ ચેકઅપ કેમ્પ, ૩ પર્યાવરણ જાગૃતિ કેમ્પ, ૨ એઈડ્સ જાગૃતિ સેમિનાર ઉપરાંત મતદાન જાગૃતિ, સ્વચ્છતા અભિયાન, શિક્ષણ, ડિજીટલાઈઝેશન જેવા ૧૦ કાર્યક્રમો કર્યા હતા. આ સાથે રૂ. ૫૨.૨૦ લાખના ખર્ચે ૨૯૦ શૌચાલય તેમના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવ્યાં છે.

# બુધવારે કોંગ્રેસના મોંઘવારીના મુદ્દે ધરણા

કેન્દ્ર સરકાર ભ્રષ્ટાચારમાં વ્યસ્ત છે અને મોંઘવારીને નાથવમાં નિષ્ફળ પુરવાર થઈ ત્યારે ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા તા. ૨૬-૮-૧૮ને બુધવારના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કરશે.

આ વિરોધ પ્રદર્શનમાં ધારાસભ્ય ડૉ. સી.જે.ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશીતભાઈ વ્યાસ, પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ, પ્રદેશ અગ્રણી કનુભાઈ વાઘેલા, મનપાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, મનપાના કોંગી કાઉન્સીલરો તેમજ પક્ષના વિવિધ સંગઠ્ઠનોના આગેવાનો આ ધરણા અને સૂત્રોચ્ચારના કાર્યક્રમમાં જોડાશે તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે આ ધરણા અને સૂત્રોચ્ચારનો કાર્યક્રમ બપોરે ૧ થી ૪ દરમિયાન રાખવામાં આવેલ છે. મોંઘવારીને કારણે મધ્યમ વર્ગનું બજેટ ખોરવાઈ જવા પામ્યું હોવાનું પણ તેમણે કહ્યું હતું.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ